## સલામી સવારની..



**સુપ્રભાતમ્**
સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

*સમસ્યાના શેષનાગ પર શાંતિથી, પોઢી ગયા!*
*ચીના-કોરોના ઓશિકે માથું રાખી એ પોઢી ગયા!*
*છે 'આત્મનિર્ભર' ભક્તો - જાણી નિશ્ચિંત, પોઢી ગયા!*
*હતા બેધ્યાન જ હવે 'ઓફિશિયલ' પોઢી ગયા!*
*(દેવ પોઢી એકાદશી)*

**હાઈકુ**

*છે વાટાઘાટો -*
*છો પરિણામ શૂન્ય !*
*રાખે છે લાજ...*
*(રહે છે બંનેની બાંધીમુઠ્ઠી)*

*એકાંત વાસ*
*કોઈ દેખાશે નહીં,*
*ચૂંટણી સુધી...*
*(રાખશે 'અંતર')*

### ચિંતન

**મન સાયર મનસા લહરિ, બુડે બડે અનેક:**
**કહે કબીર તે બાંચિ હૈ, જાકે હૃદય વિવેક**

ઉપરોક્ત સાખી કહત કબીરામાંથી લેવામાં આવેલી છે.

મન એક મહાસાગર છે અને તેમાં ઉત્પન્ન થતી ઈચ્છા-આકાંક્ષાની લહેર એ તરંગ સમાન છે. ક્ષણે ક્ષણે આ મહાસાગરમાં અનેક પ્રકારના તરંગો ઉત્પન્ન થાય છે. આ વિચારોરુપી તરંગો સમુદ્રનાં મોજાની જેમ ઊંચા ઊઠે છે અને પળમાં વિખરાઈ જાય છે. આવી મનની માયાવી લીલા અને તેનાં સાચાં-ખોટાં વિચારોનાં પ્રવાહમાં ભલભલાં અસંખ્ય જીવો તણાઈ ગયા છે અને ડૂબી ગયા છે.

કબીર કહે છે કે હંસની જેમ નીર-ક્ષીર છૂટા પાડી શકવાની સૂઝ હોય અર્થાત્ જે કોઈ જ્ઞાની હોય, જેના હૃદયમાં વિવેક અને જ્ઞાન હોય તો તેને સહારે તે જીવ મનરુપી સમુદ્રમાં ઈચ્છા આકાંક્ષારુપી તરંગમાં અટવાઈ ને ડૂબતાં બચે છે અને સાચી સમજ વગરનાં જે જીવો આ મનસાગરમાં પડી મનની પાછળ વિષયો પ્રતિ આકર્ષાય અને તેમાં ખેંચાય છે. તે જન્મ મરણનાં ચક્રમાં પડી તેમાં ઊંડા અને ઊંડા ડૂબતાં જાય છે.

### સુવિચાર

- સ્વયંની ઓળખાણ કરવી હોય તો મૌનની ભૂમિકા ધારણ કરો - **બોધિવૃક્ષ**
- ગુણ, કર્મ, સ્વભાવમાં સુધારા વગર પ્રગતિ થઈ શકતી નથી - **જનકલ્યાણ**
- જાતે પ્રેમનું ઉદ્ભવ સ્થાન બનો અને ખુદ એક વિસામો બની જાવ - **એસ. ભટ્ટાચાર્ય**
- જયારે એકનું પ્રચંડ વૃક્ષ ધરાશાયી થાય છે ત્યારે બધા જ લાકડા ચોરવા પહોંચી જાય છે - **સર્બિયાની કહેવત**
- ઝેરમાં એક ટીપું પાણી નાખો તો ઝેર પાણી બની જતું નથી પણ પાણીમાં એક ટીપું નાખો તો બધું પાણી ઝેર બની જાય છે, ટીપું શેનું છે એ મહત્ત્વનું બની જાય છે.
  આ ટીપુ એટલે જ સિદ્ધાંત અને સંસ્કૃતિ - **ત્રિલોકચંદ મણી**
- આપણે જાણતા નથી કે કયારે આપણું મૃત્યુ થશે એટલે જિંદગીને અખૂટ પાણીનો પાતાળકૂવો માની જીવતા જઈએ છીએ - **ઓશો**
- આજનું ઔષધ : કોળાનો જયુસ સવાર સાંજ એક કપ જેટલો પીવાથી ડાયાબીટીસ લાંબેગાળે કંટ્રોલમાં આવે છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

એક ચમડીએ ઉંદરનો શિકાર કર્યો. અને ઉંદરને ચાંચમાં પકડી ઊડી. ત્યાં તો તરત જ બીજી સમડીઓ એની આસપાસ ચકરાવા લઈને તેની પાસેથી ઉંદર પડાવી લેવા તરાપ મારવા લાગી. સમડીઓના હુમલાથી એને ભારે નવાઈ લાગી. થોડીવારમાં તો સમડીઓના પ્રહારથી તે લોહી-લુહાણ થઈ ગઈ પણ એણે ચાંચમાં ના ઉંદરને છોડ્યો નહીં. વારંવાર સમડીઓના ચાંચ અને નહોર વાગવાથી અચાનક ચાંચમાંથી ઉંદર નીચે પડ્યો. જેવો ઉંદર પડ્યો એટલે પેલી હુમલાખોર સમડીએ પેલા પડેલા ઉંદર તરફ એમની ઊંડાન ભરી. આ બાજુ ઘવાયેલી સમડી એક ઝાડ પર બેસીને શાંતિથી વિચારવા લાગી. એને એમ પણ થયું કે આ બધી સમડી મારી દુશ્મન છે, પણ જેવો ઉંદર પડ્યો કે તરત એ બધી મારાથી દૂર ચાલી ગઈ. આનો અર્થ એ થયો કે એ સમડીઓને મારી સાથે અંગત કોઈ દુશ્મનાવટ નહોતી. મારા પરનો હુમલો તે પેલા ઉંદરને કારણે હતો. મારી પણ જીદ હતી કે ઉંદર ન છોડવો. જો મેં ઉંદર વહેલો છોડી દીધો હોય તો મને પણ આટલી ઈજા ન થાત. પણ મેં મૂરખી એ એવું માન્યું હતું કે આ બધી મારી દુશ્મન છે. સારાંશ એ કે તૃષ્ણા - લાલસા - લાલચ - લોભ - વ્યસનને પકડી રાખવાં એ જાણે મુખમાં ઉંદર પકડી રાખવા સમાન છે.

# મધ્યપ્રદેશમાં 'મહારાજયુગ'નાં એંધાણ

**તંત્રીસ્થાનેથી...**

પ્રથમ સ્વાતંત્ર્ય સંગ્રામ - અઢારસો સત્તાવનમાં બ્રિટિશ રાજને વફાદાર રહી તત્કાલીન વિપ્લવને નિષ્ફળ બનાવવામાં અગત્યની ભૂમિકા ભજવનાર સિંધિયાનાં વારસદારો આઝાદી પછી સતત સત્તાનાં સમીકરણો માંડી પોતાનું રાજકીય વજૂદ બરકરાર રાખતાં રહ્યાં છે. જનસંઘના પાયામાં જ રાજમાતા વિજયારાજે સિંધિયાનું નામ ટંકાયેલું છે. જનસંઘના સૌથી લોકપ્રિય નેતા અને પાછળથી જનતા ભારતીય જનતા પાર્ટીના સર્વોચ્ચ પદો પર રહી ભારતના વડાપ્રધાનપદે યશસ્વી કામગીરી બજાવનાર અટલ બિહારી વાજપેયીનાં સૌથી વિશ્વસનીય સમર્થક રહેલાં રાજમાતાના યુવરાજ માધવરાવ સિંધિયા એ જ સમયે કોંગ્રેસના મોવડી મંડળના વિશ્વાસપાત્ર સાથી તરીકે કાઠું કાઢી ચૂક્યા હતા અને એક તબક્કે તો ગુનાની બેઠક પરથી એમને અટલ બિહારી વાજપેયીને શિકસ્ત પણ આપી હતી. સંજય ગાંધીના આ વિશ્વાસુ સાથીદાર રાજીવ ગાંધીની ગુડબુકમાં પણ ટકી રહ્યા પરંતુ આકસ્મિક મૃત્યુ થયાં એક અતિશય હોનહાર લોકપ્રિય અને હોનહાર રાષ્ટ્રીય નેતાની કારકિર્દી ટૂંપાઈ જવા પામી હતી. માધવરાવ સિંધિયાની બેઉ બહેનો વસુંધરા રાજે અને યશોદરા રાજે રાજમાતાના જનસંઘી વારસાને જાળવતી રહી. વસુંધરા રાજે ધોલપુરના જાટ રાજવી સાથેનાં ટૂંકા દાંપત્યજીવન પછી રાજકારણમાં સક્રિય થયાં અને રાજસ્થાનનાં બે વાર મુખ્યમંત્રી બન્યાં. આ પણ વાજપેયીની કૃપાદષ્ટિને કારણે શક્ય બનેલું નહીંતર રાજસ્થાનમાં ભૈરોસિંહ શેખાવત સહિતના કદાવર નેતાઓને એમનું મહારાણી બ્રાન્ડ નેતૃત્વ હરગિજ પસંદ નહોતું. મધ્યપ્રદેશની કમલનાથ સરકારને શરૂથી જ મોદી-શાહની જુગલજોડીને દાઢમાં રાખી હતી. માધવરાવ સિંધિયાના પુત્ર જયોતિરાદિત્ય કાશ્મીર અને વડોદરાના રાજઘરાના સાથે લોહીની સગાઈ ધરાવે છે. કોંગ્રેસમાં પ્રભાવશાળી યુવા નેતા તરીકે ઊપસી આવેલા જયોતિરાદિત્ય સિંધિયા રાહુલ બ્રિગેડના મહત્ત્વના પ્રતિનિધિ ગણાતા હતા. કમનસીબે એમની મધ્યપ્રદેશની મુખ્યમંત્રી કે પ્રદેશ કોંગ્રેસ સમિતિના અધ્યક્ષ બનવાની અભિલાષા ફળીભૂત ન થઈ શકી અને રાહુલ ગાંધી કે સોનિયા ગાંધીએ કમલનાથને જ વધુ મહત્ત્વ આપ્યે રાખ્યું એથી નારાજ થયેલા 'મહારાજ' મોદીના શરણે ગયા અને સત્તાનો શોર્ટ કટ અપનાવી પોતાના વફાદાર સાથીઓ સાથે 'રાજમાતાની પાર્ટી'માં સામેલ થઈ ગયા. જયોતિરાદિત્ય સિંધિયા કારકિર્દી બનાવવા માગતા હતા. કોંગ્રેસમાં એમને પોતાનું ભવિષ્ય ન દેખાયું અને એથી લોકસભાની ચૂંટણી વખતે સ્ટાર પ્રચારક તરીકે ઉત્તરપ્રદેશમાં અને દિલ્હીમાં મોદી-શાહ વિરુદ્ધ અઢળક આક્ષેપ કરનારા 'મહારાજ' રાતોરાત ભાજપના દિગ્ગજ પ્રાદેશિક નેતા બની રહ્યા. રાજયસભાની ચૂંટણીમાં પહેલા ક્રમના ઉમેદવાર તરીકે ચૂંટાઈને એ મોદી કેબિનેટમાં કેબિનેટ કક્ષાના મંત્રી બનવાની રાહ જોઈ રહ્યા છે. એ પૂર્વે પોતે ગબડાવેલી કોંગ્રેસની સરકારના અનુગામી તરીકે ચોથી વાર મધ્યપ્રદેશના મુખ્યમંત્રી બનેલા શિવરાજસિંહ ચૌહાણની સરકારમાં એમને અગિયાર વફાદાર સાગરીતોને મંત્રીપદું અપાવી દીધું છે, જે પૈકી એક એમનાં ફોઈબા યશોધરા રાજે પણ છે. કોંગ્રેસ એમ માની હતી કે 'મહારાજ'ને મોદી કટ ટુ સાઈઝ કરી દેશે, પરંતુ હાલ પૂરતા તો મોદીએ એમના જૂના બે પ્રતિસ્પર્ધી - ઉમા ભારતી અને શિવરાજસિંહ ચૌહાણને કટ-ટુ-સાઈઝ કરી 'મહારાજ'નો દબદબો અકબંધ રખાવ્યો છે. ભવિષ્યમાં 'મહારાજ' મધ્યપ્રદેશનાં મુખ્યમંત્રી પદના જ દાવેદાર છે તે ભાજપના બંને સિનિયર નેતાઓ સુપેરે જાણે છે. ઉમા ભારતીએ તો અણગમો જાહેર કરી જ દીધો છે. અને અમૃતમંથનમાં ઝેર તો શિવને જ પીવું પડે છે એવું નિવેદન કરી શિવરાજસિંહે પણ બળાપો કાઢ્યો છે. સામે પક્ષે કોંગ્રેસના જૂના સાથીઓને મહારાજે હાકોટો કરી સંભળાવી દીધું છે કે 'ટાઈગર અભી જિંદા હૈ!'

# નાભિષેકો ન સંસ્કારઃ સિંહસ્ય ક્રિયતે વને ।
# વિક્રમાર્જિતસત્ત્વસ્ય સ્વયમેવ મૃગેન્દ્રતા ॥



**વિચારયાત્રા**
**ડાયલોગથી દેવભાષા**

સકસેસ કે પીછે મત ભાગો, કાબિલ બનો કાબિલ,
કામયાબી તો સાલી જખ માર કે પીછે આયેગી

- ૩ ઈડિયટ્સ

૩ ઈડિયટનો આ ડાયલોગ તો નાના બાળકથી માંડીને મોટેરાઓ સુધી દરેકના હોઠો પર રમે છે. અભિજાત જોશી અને રાજકુમાર હિરાણીના વાર્તાકથન અને સંવાદ લેખનનની એક છાટ એ છે કે, તેઓ ખૂબ જ ગંભીર અને તત્ત્વદર્શી વાત ખૂબ જ સચોટ રીચે સરળ ભાષામાં કરી દે છે.

આજે આપણે બધા એક ઘેટા ચાલમાં ચાલીએ છીએ, એક વ્યક્તિએ કોઈ નવી વસ્તુ શરૂ કરી બધા તેની જ નકલ કરવા લાગશે, કોઈને નવો ચીલો ચાતરવો નથી, એન્જિનિયરિંગમાં બધા જ જાય છે, તો આપણે પણ ચાલો. સી.એ.નો ક્રેઝ વધ્યો તો બધા જ તે લાઈન લેવા લાગશે... પોતાની આવડતથી કે પોતાની વિશિષ્ટતાને એ ઉજાગર કરીશું તો સફળતા તો સ્વયં વરમાળા પહેરાવવા આવશે. આવા જ અર્થ સામ્ય વાળુ એક સુભાષિત મળી આવે છે.

નાભિષેકો ન સંસ્કારઃ સિંહસ્ય ક્રિયતે વને ।
વિક્રમાર્જિતસત્ત્વસ્ય સ્વયમેવ મૃગેન્દ્રતા ॥

સિંહને જંગલનો રાજા નિયુક્ત કરવ માટે કોઈ અભિષેક કે ઢંઢેરો પીટવામાં આવતો નથી, કોઈ સંસ્કાર કરવામાં આવતા નથી, તે પોતાના ગુણ અને પરાક્રમથી જ મૃગેન્દ્રપણું - નૃપત્વ પ્રાપ્ત કરે છે.

આજના સમયમાં જ આપણે આંધળું અનુકરણ કરવાવાળા છીએ, તેવું નથી. આપણી આવી માનસિકતા વર્ષો જૂની છે.

પોતાની આવડત અને ખૂબીને બહાર લાવીને નવો ચીલો ચાતરશું, તો આપણે સફળતાને તો ચોક્કસ પ્રાપ્ત કરીશું જ પરંતુ સાથે-સાથે માર્ગ ચીંધનાર પથદર્શક પણ બની શકીશું...

- jayuoza@gmail.com
Mo.9898046488

## 'કોરોના કાળના કાવ્યોની સ્પર્ધા'નું આયોજન



**સાહિત્ય વૃત્ત**
**મૂળજીભાઈ પરમાર 'દધિ'**

વૃત્તસંચય

રાષ્ટ્રીય કલા કેન્દ્ર, સુરત દ્વારા, જીવનના સૌથી કપરા એવા 'કોરોના કહેર' સાથે સંકળાયેલી લાગણીઓ, સંવેદનાઓને કાવ્ય,ગીત, ગઝલ કે અછાંદસ એવા કોઈપણ પ્રકારની રચનાઓમાં ઢાળેલ હોય તેને સંગ્રહિત કરવાના આશયથી, 'કોરોના કાળના કાવ્યોની સ્પર્ધા'નું આયોજન કરવામાં આવેલ છે. આ કાવ્યો(રચનાઓ) 'R.K.K. કવિગણ' નામના વૉટ્સએપ ગ્રુપમાં જ, શનિવાર તારીખ ૫મી જુલાઈ, ૨૦૨૦ સુધીમાં મોકલવાની રહેશે.કાવ્યની નીચે કવિઓએ પોતાનું નામ અને મૉબાઈલ નંબર જણાવવાનો રહેશે. જેઓ ગૃપના સભ્ય ન હોય,તેમણે ગૃપમાં દાખલ થવાની લિંક, મો.નં.૯૯૦૯૯૨૧૧૦૦ પાસેથી મેળવી લેવાની રહેશે. આ સ્પર્ધામાં પ્રથમ વિજેતાને રૂ.૧૦૦૦, બીજાને રૂ.૭૫૦ અને ત્રીજાને રૂ.૫૦૦ રોકડ ઈનામો અપાશે, તદ્દુપરાંત રૂ.૨૦૦ નાં પાંચ પ્રોત્સાહક ઈનામો પણ આપવામાં આવશે. આ સ્પર્ધા માટે આવેલી તમામ કૃતિઓનો 'ઈ-પુસ્તક'માં સમાવેશ કરવામાં આવશે. આ કોરોના કપરા કાળનો એક કાવ્યમય દસ્તાવેજ બનાવવામાં, વધુ ને વધુ કવિમિત્રો પોતાની લાગણીઓ કાવ્ય સ્વરૂપે વ્યક્ત કરે, તેવી વિનંતી સંસ્થાના મહામંત્રી, રૂપીન પચ્ચીગર દ્વારા કરવામાં આવી છે.

● લૉકડાઉનની પરિસ્થિતિમાં ઉત્તમ સાહિત્ય સર્જન થાય તે હેતુસર, ભારતીય દલિત સાહિત્ય અકાદમી, ગુજરાત પ્રદેશના ઉપક્રમે, તૃતીય ઑનલાઈન કવિ સંમેલન, મંચના અધ્યક્ષશ્રી જયવંતસિહ જાડેજાના અધ્યક્ષસ્થાને યોજવામાં આવેલ છે; જેમાં સર્જકના મનપસંદ વિષય ઉપર ફક્ત 'સૉનેટ કાવ્ય' ગુજરાતી કે હિન્દીમાં રજૂ કરવાનું રહેશે. આમાં સમગ્ર દેશમાંથી કોઈ પણ સર્જક ભાગ લઈ શકશે.કવિ સંમેલનની તારીખ હવે પછી જણાવવામાં આવશે. આ અંગેની નોંધણી સંસ્થાના ગૃપમાં કરાવવાની રહેશે, તેમ સંયોજક ઈશ્વરભાઈ સી. ડાભીએ જણાવ્યું છે.

- muljibhaidhadhi@gmail.com, Mo. 9824236893

# નાઝિર દેખૈયા : વેધક સરળતા અને પરમની બુલંદી



**ક્ષણના ચણીબોર**
**વી. એસ. ગઢવી**

જે દિલમાં દયાને સ્થાન નથી,
ત્યાં વાત ન કર દિલ ખોલીને.
એ પાણી વિનાના સાગરની
'નાઝિર' ને કશીય જરૂર નથી.

સુપ્રસિધ્ધ વાર્તાકાર કાનજી ભુટા બારોટ કહેતા કે વાત માંડવાના પણ ઠેકાણા જોઈએ. પાત્ર જોઈનેજ વાત કરાય. નાઝિર અહીં દયાવાન કે સ્નેહાળ હોય તેવા માનવીનેજ હૈયું ખોલીને વાત કરવાનું કહે છે. અહીં લીંબડીના રાજ્યકવિ શંકરદાનજી દેથાએ લખેલી દુહાની અર્થસભર પંક્તિઓ યાદ આવે છે.

અંતરના ઊંડાણની કોઈક
વેધુનેજ કહેવાય,
ચોરે નો ચર્ચાય
ચિત્તની વાતુ શંકરા.

નાઝિર દેખૈયાએ લખેલી પંક્તિઓ જ્યારે પણ સાંભળીએ ત્યારે આ કવિના વિચારોનું ગગનગામી ઉડ્ડયન હશે તેવી પ્રતિતિ થયા સિવાય રહેતી નથી. આપણે આજે ઘણાં ક્ષેત્રોમાં પ્રગતિ કરી છે. જીવન જીવવા માટેની સવલતો પણ ગણનાપાત્ર રીતે વધી છે, પરંતુ જે દિલમાં દયા હોય, અનુકંપા હોય તેવા હૈયા શોધવા આંખો ખુલ્લી રાખીને પ્રયાસ કરવા પડે છે. ગમે તેને અંતરની વાત કરવા કવિ તૈયાર નથી. જ્યાં સ્નેહ તથા કરુણા છે ત્યાંજ વાત કરીએ તો તે સાર્થક બને છે. પાત્રતા સિવાયના માનવી પાસે વાત કરવામાં જે સ્થિતિ થાય છે તેનો સુંદર વ્યંગ કવિ દલપતરામે શરણાઈવાળા તથા કંજૂસ શેઠના સંવાદમાં રજૂ કરેલો છે. જે લોકો શબ્દના ઉપાસકો છે તેમણે આ વિવેક જાળવવો જરૂરી છે. શબ્દનું સન્માન જ્યાં ન સચવાય કે જળવાય ત્યાં શબ્દોની લ્હાણી કરીને કોઈ સાર્થકતા સિધ્ધ થતી નથી. જે લોકો શબ્દબ્રહ્મના ઉપાસકો છે તેમને પારખુ ઝવેરીને પડતા મૂકીને બકાલીના બજારે જવા સામે કવિ દુલા ભાયા કાગ ચેતવણી આપે છે :

આંગણે તારે કોઇ ન આવે
હીરાનો લેનાર જી,
પણ શેરી ઝવેરીની છાંડી
ન જાજે બકાલીને બજાર...
વીરા તારે હીરાનો વેપાર જી.

ભાવનગરની ભૂમિ એ રત્નોની ખાણ છે. નાઝિરની ગઝલોમાંથી પસાર થતાં આ કવિના વિચારોની અને કલ્પનાઓની ભાતીગળ સૃષ્ટિ નજર સામે ખડી થઇ જાય છે. મનુભાઇ ત્રિવેદી 'સરોદ' લખે છે કે નાઝિરની ગઝલોમાં સહજપણે દિલની વેધક સરળતા તેમજ પરમની બુલંદી છે. આમતો આ શાયર ત્રણેક દાયકા પહેલા (૧૯૮૮માં) આપણી વચ્ચેથી ગયા પરંતુ તેમની કાવ્યધારાની સુગંધ આજે પણ અનેક કાર્યક્રમોમાં મહેકતી અને મહોરતી રહે છે. 'અમે તો જઇશું અહીંથી પણ આ અમારો ઊડાડ્યો ગુલાલ રહેશે ' તેવી મકરંદભાઇની પંક્તિ આ કવિની વાણી માટે કહી શકાય. આમતો ભાવનગરમાં બેન્ડના મનભાવન સૂર રેલાવનાર પરીવારના નાઝિર લાડકા સભ્ય હતા. મોટાભાઈનો સ્નેહ પોતાને માતાપિતાની ખોટ છે તેવી લાગણી થવા દેતો ન હતો. તેમનું નામ નૂરમહમ્મદ દેખૈયા. નાઝિરના મોટાભાઇના લોહીમાં બેન્ડના સંગીત સાથે ગઝલનું સૌંદર્ય પણ ભળી ગયેલું હતું. આથી ગઝલના દોર ચાલે. બેઠકો થતી રહે. નૂરમહમ્મખને ઘેર બેઠા ગંગા જેવો સુયોગ થયો. ગઝલમાં તેમને રસ પડ્યો. ગઝલ વિષેનીસમજ અને જાણકારી પણ ઉત્તરોત્તર વધતા ગયા. ગુજરાતી અને ઉર્દૂની ઉત્તમ શાયરી લખી શકે તેવી ક્ષમતા પરવરદીગારની રહેમથી પ્રાપ્ત થઈ. શાયરનો પ્રથમ સંગ્રહ 'તુષાર' લોકોમાં જાણીતો તેમજ માનીતો થયો. થોડા સમયમાંજ આ સંગ્રહની નકલો અપ્રાપ્ય બની. આપણાં સમર્થ સર્જક હરીન્દ્ર દવેએ પ્રસ્તાવના લખીને કવિને ઉચિત રીતે વધાવી લીધા. હરીન્દ્રભાઈએ લખ્યું : 'જે કંઇ કહેવાનું હોય તે ઈંગિત દ્વારા મોઘમ ઈશારાથી કરી દેવાની નાઝિરની કલા ગઝલનું નામ ધરાવતી થોકબંધ રચનાઓમાંથી કેટલામાં મળે ? નાઝિરની ગઝલની અનેક પંક્તિઓ અમરત્વને પામી છે. કાળના સતત વહેતા પ્રવાહમાં આ રચનાઓ ઝાંખી પાંખી થાય તેવી નથી.

ખુશી દેજે જમાનાને
મને હરદમ રુદન દેજે.
અવરને આપજે ગુલશન
મને વેરાન વન દેજે.

જીવન તરફનો આવો નિર્લેપ ભાવ કેળવવો અને શબ્દોમાં પ્રગટ કરવો તે સામાન્ય વાત નથી. આર્થિક સ્થિતિ સામાન્ય હોવા છતાં કવિનું હૃદય સંસારના સર્વ માનવીઓના ભલા માટે પરમ તત્વને પ્રાર્થના કરે છે. પોતાને વેરાન વનની વાટ શાયરને મંજૂર છે પરંતુ સમગ્ર સૃષ્ટિ માટે ફૂલોની માંગણી કવિ અંતરના ઊંડાણથી કરે છે.

સદાયે દુ:ખમાં મલકે
મને એવા સ્વજન દેજે
ફિઝાંમાં પણ ન કરમાયે
મને એવા સુમન દેજે.

જમાનામાં અનેક સબંધો તો બંધાતા અને છૂટતા હોય છે. પરંતુ જે સબંધો જીવનની ધૂપ-છાંવમાં સમાન રહે તેવા સ્વજનની શાયરની અપેક્ષા છે. સુદામાએ માત્ર એક કૃષ્ણ સાથે સંબંધ બાંધ્યો. આ એક સંબંધથી સુદામા ભવસાગર તરી ગયા. સાથી કે મિત્રની વેદનામાં સમાનુભૂતિ બતાવે તે ખરો સાથી છે. નીરઝનો એક સુંદર શેર છે :

તેરે દુ:ખ ઔર દર્દકા
મુજ પર ભી હો ઐસા અસર.
તુ રહે ભૂખા તો
મુજસે ભી ખાયા ન જાયે.

નાઝિરને સ્વમાનની ખેવના સૌથી વિશેષ છે. ઈશ્વરને પણ આ કાળા માથાનો માનવી કહે છે કે આવકારો મળશે તોજ હું જન્નત તરફ પગલા ભરીશ. કવિઓની આ ખુમારી હોય છે. જિલ્લા પંચાયતમાં સામાન્ય નોકરી કરતા આ શાયરનું વ્યક્તિત્વ અસામાન્ય હતું.

પોતાની અનેક સમૃધ્ધ શાયરીઓનો બાગ જમાનાને ચરણે ધરીને શાયર ગયા છે. સાધનોના અભાવની સ્થિતિમાં પણ માનવીનું હીર કેટલું મહોરે છે તેનું એક જ્વલંત ઉદાહરણ નાઝિર દેખૈયા છે. તેઓ સૌંદર્ય પામ્યા છે અને સૌંદર્યની લહાણી કરીને ગયા છે. પરમના હાથે ઘડાયેલું નાઝિરનું ઘડતર આંતર સમૃધ્ધિથી ભરપૂર હતું.

પછી શે માનીએ કે
અસુંદર છઈએ ?
પરમના હાથે ઘડાયું છે
એ ઘડતર છઈએ.

# વાસ્તવિકતાને વફાદાર રહે એ જ સાચી કેળવણી



**ગાંધી ૧૦૦**
**ડો. રાજેન્દ્ર જાની**

કોરોના મહામારીના પગલે વિશ્વભરમાં વિદ્યાર્થીઓનું વર્ગખંડ બંધ છે. સંપર્ક ટાળીને કોરોનાને ફેલાવો અટકાવવાનો આ ખૂબ સરળ અને અતિ જરૂરી રસ્તો છે. પરિણામે સદીઓથી ચાલતું વર્ગખંડ શિક્ષણ અત્યારે ચાલતું નથી. એની જગ્યાએ અત્યારે 'ઓનલાઈન' શિક્ષણ શરૂ થયું છે. માધ્યમિક કે ઉચ્ચત્તર માધ્યમિક અને ઉચ્ચ શિક્ષણ મેળવતા વિદ્યાર્થીઓ તો ઠીક પરંતુ જે વિદ્યાર્થી (બાળક વાંચવું) હજુ એકડીયા - બગડીયાના પાંચ વર્ષથી નાના બાળકોને પણ ઓનલાઈન શિક્ષણ આપવાનું શરૂ થયું છે. આટલી નાની ઉંમરમાં તો ભણાવવાનું શું હોય ? પણ શિક્ષણ હવે બજારવાદની આશ્રિત બની ગયું છે. બજારવાદ કોઈ પણ બાબતની કિંમત વસૂલે તો જ ટકી રહે. આ અર્થતંત્રીય સમજ મુજબ શિક્ષણ વેચતા દુકાનદારોએ બાલમંદિરના બાળકોને પણ ઓનલાઈન શિક્ષણ શરૂ કર્યું છે. હકીકતે તો અંગ મહેનત અથવા કોઈ ઉદ્યોગ દ્વારા કેળવણી આપવાનો પ્રયાસ થવો જોઈએ. આ પ્રયાસ તો કે.જી. નર્સરીથી માંડીને છેક ઉચ્ચ શિક્ષણ સુધી થવો જોઈએ. પરંતુ એની તો આપણા શિક્ષણમાં ખામી છે જ તેમાં હવે ઓનલાઈન શિક્ષણનો પ્રયોગ શરૂ થયો છે.

સામાજિક માનસશાસ્ત્રની દષ્ટિએ જોઈએ તો ૧૪થી ૧૫ વર્ષની ઉંમર સુધીના બાળકમાં સ્થૂળ કે નક્કરને સમજવાની શક્તિ શ્રેષ્ઠ હોય છે. વસ્તુશૂન્ય વિકલ્પો કે નક્કર બાબતો ઉપરથી તારવી કાઢેલા સામાન્ય નિયમો સમજવાની શક્તિ ૧૪ થી ૧૫ વર્ષના તારુમ્યની અવસ્થા વાળા બાળકોમાં બહુ ઓછી હોય છે. તેથી જે કાંઈ સામાન્ય નિયમનો સમજવાની તેમની શક્તિ હોય તે રીતે શિક્ષણ આપવું જોઈએ. તેથી ધન અને નક્કર વસ્તુઓથી જ તેનું પોતાનું શિક્ષણ શરૂ કરવું જોઈએ. જે બાળકની શક્તિ જ નથી તે બાળકનો વિચાર શિક્ષણ સાથે સંકળાયેલા સહુ કોઈએ કરવો જોઈએ. આ માનસશાસ્ત્ર સમજાવે છે પરંતુ આપણે માનસશાસ્ત્રની સાદીસ સમજને ઉલ્ટાવી નાંખવાના જ પ્રયાસો શિક્ષણમાં જોડી દીધા છે. મહાત્મા ગાંધીએ તેમના શિક્ષણ અંગેના વિચારોમાં માનસશાસ્ત્રની આ પાયાની બાબતને દાખલ કરીને શિક્ષણ આપવાની હિમાયત કરી હતી.

**નિરીક્ષણ અને ક્રિયા થકી બાળક સહજ શિક્ષણ પામે : ગાંધીજી**

પ્રાચીન સમયના આપણી શિક્ષણ વ્યવસ્થાને જોઈએ તો બધું જ શિક્ષણ નિરીક્ષણ અને કામકાજ દ્વારા જ પ્રાપ્ત કરાવવામાં આવ્યું હતું. જયારે છાપેલા પુસ્તકો તો શું, લખેલા પુસ્તકો પણ વિદ્યમાન ન હતા ત્યારે જે કાંઈ થોડું જ્ઞાન ભંડોળ મોજૂદ હતું તે કામકાજ અને અનુભવ દ્વારા જ કષ્ટ વેઠીને મેળવવું પડતું હતું. પરંતુ તેમ છતાં આવું શિક્ષણ સાચા અર્થમાં ઉગી નીકળતું હતું.

આજે પણ આવા શિક્ષણ સાથે વિદ્યાર્થીને જોડવામાં આવે છે ત્યારે ખૂબ સરસ પરિણામ જોવા મળે છે. ગુજરાત યુનિવર્સિટી, સમાજશાસ્ત્ર વિભાગનાં તાજેતરમાં નિવૃત્ત થયેલા આદરણીય પ્રા. ડૉ. ગૌરાગ જાનીએ છેલ્લા ઘણાં વર્ષોથી 'Class without wall' નો અભિગમ દાખલ કર્યો છે. આ અભિગમ હેઠળ વિદ્યાર્થી પોતેપોતાની રીતે સમાજને સમજે એવો વિચાર છે. આના ખૂબ સરસ પરિણામો એક અધ્યાપક તરીકે અમને જોવા મળે છે. અહીં પરિણામ એટલે પરિણામ પત્રકમાં વિદ્યાર્થીના ગુણ માત્ર નહીં, એની સમાજને સમજવાની આવડત, સમસ્યાઓના નિર્મૂલન માટેની વૈચારિક નિસ્બત, એક યુવા તરીકેનો આત્મવિશ્વાસ વગેરે બાબતો સમાવિષ્ટ થાય છે. વિદ્યાર્થીના શિક્ષણ સાથે સામાજિક ઘડતર આવી રીતે જ વધુ સારી રીતે થઈ શકે છે. ગાંધીની કેળવણીની વાતમાં પણ આજે જ મુખ્ય બાબત હતી પરંતુ આપણે શિક્ષણમાં આ બાબત ચૂક્યા હોય એવી સ્થિતિ છે.

કેળવણીના ક્ષેત્રમાં અનેક સુધારકો અને વિચારકો-સરકારોએ પ્રયાસો કર્યા પરંતુ કેળવણી ખિલવણીમાં કોઈ હાથ-ઉદ્યોગની આસપાસ ગૂંથી, જ્ઞાન અને ક્રયિાને એક સાથે ખીલવવાનો પ્રયત્ન કરવા રુપી સુધારો આપણે શિક્ષણમાં આજ સુધી દાખલ કરી શક્યા નથી. અને જયારથી યાંત્રિક યુગ આવ્યો અને એ પછી ક્રમશઃ વૈશ્વિકીકરણની વ્યવસ્થા ધીરે ધીરે દાખલ થતી ગઈ ત્યારથી બાળક અવસ્થાથી જ કેળવવાના શિક્ષણના પ્રયાસો લગભગ ભૂંસાતા ચાલ્યા. યાંત્રિકીકરણ અને વૈશ્વિકીકરણના પરિણામે તવંગર શહેરવાસીઓની બૌદ્ધિક શિક્ષણ માટેની કૃત્રિમ સગવડો હદ બહાર વધારી દીધી. હવે શાળાઓમાં કેળવણી પામવા જતાં કુમળા બાળકોને સ્માર્ટ કલાસમાં ભણાવવામાં આવે છે. સારા અક્ષર કાઢવાના કોચિંત કલાસોમાં તાલીમની ઘેલછા વાલીઓમાં દાખલ કરવામાં આવે છે. પરંતુ થોડા દાયકાઓ પહેલા બાળક માટીમાં રમતા રમતા તેની આંગળીઓના ટેરવાને સરસ રીતે ઘડી શકતો હતો. એની જ બાદબાદી થઈ ગઈને વર્ગમાં શ્રુત લેખનની તાલીમ અને છાપેલી પુસ્તિકાઓમાં એબીસીડી ઘૂંટવાનું શરૂ થયું. આમાં જ આપણું બાળક અને એની ગમ્મત સાથે જ્ઞાનની પિપાસા ગૂંગળાઈ જવા પામી છે. તવંગર શહેરવાલી સિવાયના વર્ગમાં પણ આવી સ્થિતિ નિર્માણ પામી. ગામડામાં વસ્તી અને શહેરની ચાલીઓ-ઝૂંપડપટ્ટી સમા વિસ્તારોમાં રહેતી અને કારખાનામાં ફેકટરીઓમાં મજૂરી કરતી વસતી માટે જીવનની આવશ્યક જરૂરિયાતની સગવડો જ ઓછી કરી નાંખી. પરિણામ એ આવ્યું કે શહેરમાં રહેતા ઉપલી કોટીના ધનિકો અને એ સિવાયની ગરીબ કે મધ્યમવર્ગની વસ્તી વચ્ચે માત્ર ધનની બાબતમાં જ નહીં પણ કેળવણી, સંસ્કાર, નાગરિક જવાબદારી, સમાજિક સમજદારી વગેરે બાબતોમાં પણ સાંધી ન શકાય એવું ખૂબ મોટું અંતર પડી ગયું. આ અંતર પૂરાયું તો નહીં પરંતુ દિવસે દિવસે તે વધતું જ ગયું છે.

ગાંધીના કેળવણી વિચારમાં 'કેળવણીએ હંમેશા વાસ્તવિકતાને વફાદાર રહેવું જોઈએ, તથા જ્ઞાન અને ક્રિયાને પરસ્પર સંમિલિત રાખી દઢ કરવા જોઈએ, એ જાતનો સિદ્ધાંતના હિમાયતી હતા. નિરીક્ષણ અને ક્રિયા દ્વારા બાળક જે શિક્ષણ પામે એ વ્યવહારુ અને આદર્શ નાગરિક ઘડતરનું આદર્શ બની રહે એમ ગાંધી સ્પષ્ટ હતા.'